BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[State University]
Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya,
Junagadh-362263 (Gujarat)
Ph:0285-2681400 || Web : www.bknmu.edu.in|| Email : scholarship@bknmu.edu.in

---

ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૪૦/૨૦૨૬ તા. ૦૩/૧૧/૨૦૨૬

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૫-૨૬ માટે વંચિત રહેલ અનુ.જનજાતિ (ST)ના વિદ્યાર્થીઓ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન થવા બાબત.

સંદર્ભ:- 1) નિયામક આદિજાતિ વિકાસની કચરીનો પત્ર ક્રમાંક નં.વિ.આ:શિક્ષણ.નં.ફા/૧૪૬૪/૨૦૨૬/૧૯૫૨ થી ૧૯૭૫ તા. ૨૯/૧૦/૨૦૨૬.

2) મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરીનો પત્ર ક્રમાંક નં.મક/આવિ/રાજ/૨૦૨૬-૨૭/૨૭૫૨ થી ૨૯૫૩ તા. ૦૨/૧૧/૨૦૨૬.

પરિપત્ર:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૫-૨૬ સુધીમાં જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુ.જનજાતિના પાત્રતા ધરાવતાં જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ સહાય યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ હોય કે ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું બાકી હોય તેમજ કોલેજ/સંસ્થા લોગીનમાં સેન્ડ કરવાના બાકી રહી ગયેલ હોય, તેવા વંચિત રહી જનાર અનુ.જનજાતિ (ST) નાં પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ **૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫, અને ૨૦૨૫-૨૬ માટે તા.૦૨/૧૧/૨૦૨૬ થી ૨૩/૧૧/૨૦૨૬** સમયગાળા દરમિયાન ડીજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવામાં આવેલ છે. આ અંગે આપશ્રીની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનોનાં વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવા જણાવવામાં આવે છે.

ખાસ નોંધ: **૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજનાં નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.**

૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે સંસ્થા/કોલેજનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

ડીરેક્ટર
સ્કોલરશીપ સેક્શન,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જુનાગઢ.

બિડાણ:-
- સંદર્ભદર્શિત પત્રની નકલ

પ્રતિ,

૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

૨) અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.

નકલ સાદર રવાના:-

૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી

પહેલો માળ, બ્લોક નં ૧, જિલ્લા સેવા સદન ૩,
સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ-૩૬૦૦૦૧
ફોન : (ઓ) ૦૨૮૧-૨૪૭૮૩૭૫
E-mail: vo-tdd-raj@gujarat.gov.in

જનજાતીય કલ્યાણ યોજના

જનજાતીય કલ્યાણ યોજના

નં. મક/આવિ/રાજ/૨૦૨૬-૨૭/ ૨૦૫૨ થી ૨૦૫૩ તા. ૦૨/૧૧/૨૦૨૬

પરિપત્ર :-

આથી નિયામક, આદિજાતિ વિકાસ કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક/વિ.આ.શિક્ષણ.નં.ફા/૧૪૬૪/૨૦૨૬ /૧૯૫૨ થી ૧૯૭૫ તા. ૨૯/૧૦/૨૦૨૬ થી **રાજકોટ, મોરબી, જુનાગઢ, જામનગર, પોરબંદર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા** જિલ્લાની તમામ શાળા/કોલેજ/સંસ્થાઓના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, **પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના/સહાય હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૫-૨૬ માટે** આપની શાળા/કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરતા **અનુ.જનજાતિ (ST) ના વિધાર્થીઓ** કે જેઓને કોઈ કારણસર ડીજીટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃતિ માટે ફોર્મ ભરવાના બાકી રહી ગયેલ છે અથવા શિષ્યવૃતિ માટેના ફોર્મ ભરેલ હોય પરંતુ શાળા/કોલેજ/સંસ્થા લોગિનમાં સેન્ડ કરવાના બાકી રહી ગયેલ હોય, તેવા તમામ વિધાર્થિઓ માટે **શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ માટે તા. ૦૨/૧૧/૨૦૨૬ થી ૨૩/૧૧/૨૦૨૬** સમયગાળા દરમ્યાન ડીજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન થયેલ હોઈ આપની શાળા/કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરતા અને ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન શિષ્યવૃત્તિ/સહાયના ફોર્મ ભરવાના બાકી રહી ગયેલ અનુ.જનજાતિના વિધાર્થીઓને સમય મર્યાદામાં ફોર્મ ભરવા સુચના આપવાની રહેશે. તેમજ ઉપરાંત પોર્ટલ રી-ઓપન થયાની બહોળી પ્રસિધ્ધિ માટે આપની શાળા/કોલેજ/સંસ્થાના નોટિસ બોર્ડ પર વિગતો મુકવા વિનંતી છે.

મદદનીશ કમિશ્નર(તકેદારી)
રાજકોટ

પ્રતિ,

૧) આચાર્યશ્રી/ડીનશ્રી/ડાયરેક્ટરશ્રી/રજિસ્ટ્રારશ્રી..... ઉક્ત વિષય બાબતે જરૂરી સુચના આપવા સારૂ.
૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ... તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત વિષય બાબતે જરૂરી સુચના આપવા સારૂ.

નિયામક, આદિજાતિ વિકાસ

બિરસા મુંડા ભવન, સેકટર – ૧૦એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦

ફોન :૦૭૯–૨૩૨–૫૪૧૮૩E-mail ID : ctdgujarat@gujarat.gov.in

સત્યમેવ જયતે

જનજાતીય કલ્યાણ યોજના

ક્રમાંક/.વિ.આ:શિક્ષણ.નં.ફા/૧૪૬૪/૨૦૨૬/1952 થી 1975 તા૨૦૨૬/ /

તા. 29/10/2026

પ્રતિ,

સંયુક્ત નિયામકશ્રી,

એન.આઈ.સી.

સેક્ટર ૧૦, ગાંધીનગર.

વિષય-: અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૫-૨૬ માટે Digital Gujarat Portal ખુલ્લુ મુકવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે અમલિત પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓ (રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની શિષ્યવૃત્તિ, સાધન સહાય, કૂડબીલ સહાય, યોજનાઓ) નો અમલ Digital Gujarat Portal મારફતે કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૫-૨૬ માટે શિષ્યવૃત્તિ ના ફોર્મ ભરવાથી વંચિત રહી જનાર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે તા.૦૨/૧૧/૨૦૨૬ થી તા.૨૩/૧૧/૨૦૨૬ સુધી Digital Gujarat Portal ખુલ્લું મુકવા વિનંતી છે.

(માન.નિયામકશ્રીની નોંધ પર મળેલ મંજૂરી અનુસાર)

નિયામક
આદિજાતિ વિકાસન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, આદિજાતી વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ તરફ જાણ સારૂ.

નકલ સવિનય રવાના :

- અંગત સચિવશ્રી, માન.સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સરદાર ભવન, સેક્ટર ૧૦/એ ગાંધીનગર તરફ જાણ સારૂં.